તારક શ્રી સમ્યક્ત્વના સડસઠ પ્રકાર

— અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવશ્રી
ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

[પરમ તારક ગુરુદેવ પૂ૦ આચાર્ય ભગવંતશ્રીએ પોતાની અનેકવિધ શાસનપ્રવૃત્તિઓ હોવા છતાં આ લેખ તૈયાર કરી આપેલો છે. સમ્યકત્વ એ ધર્મરૂપી મહેલનો પાયો છે. સમ્યકત્વ વિના સ્વીકારાયેલાં અહિંસાદિ વ્રતો પણ એટલાં તારક બની શકતાં નથી અર્થાત્ નિરર્થક છે. કારણ કે સમ્યકત્વ વિના પરમ તારક શ્રી જિનેશ્વર પરમાત્મા અને એમનાં વચનો પર શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. પોતાના જીવનને ઉર્ધ્વગામી બનાવવા આ લેખ સૌ માટે મનનીય બને છે. **— સંપાદક**]

જીવને ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ અનુક્રમે દર્શનમોહનીય કર્મના ઉપશમથી, ક્ષય અને ઉપશમથી તથા ક્ષયથી પ્રાપ્ત થાય છે.

દર્શનમોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતું ક્ષાયિક સમ્યક્ત્વ તદ્દન ચોખ્ખું સમ્યક્ત્વ છે. નિશ્ચયથી તેને ખરેખરું સાચું સમ્યક્ત્વ કહેલું છે. એ મોક્ષ અપાવનારું છે. આ સમ્યક્ત્વને સંપૂર્ણપણે આવરનાર કર્મને મિથ્યાત્વ મોહનીય કર્મ કહેલું છે. સમ્યક્ત્વને અડધું આવરણ કરનાર કર્મને મિશ્રમોહનીય કર્મ કહેલું છે તથા સમ્યક્ત્વને તદ્દન અલ્પ આવરનાર કર્મને સમ્યક્ત્વમોહનીય કર્મ કહેલું છે. કર્મની આ ત્રણ પ્રકૃતિઓ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભની ચાર પ્રકૃતિઓ એમ આ સાત પ્રકૃતિઓ દર્શનમોહનીય કર્મની કહેલી છે. એ દર્શનમોહનીય કર્મની સાતે પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

આ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે જીવ ચૌદ ગુણસ્થાનકોમાંથી ચોથા સમ્યક્ત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. એ ક્ષાયિક સમ્યક્ત્વના પ્રતાપે જીવ ચૌદમા ગુણસ્થાનક સુધી પહોંચી મોક્ષ પ્રાપ્ત કરે છે, એટલે સદાને માટે જીવ સંપૂર્ણપણે કર્મમુક્ત, સંપૂર્ણ દુઃખ-મુક્ત અવસ્થા પ્રાપ્ત કરીને શાશ્વત કાળ પર્યંત સુખી થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ક્ષાયિક સમ્યક્ત્વ જીવને પ્રાપ્ત થયેલ હોય તો તેને સમજવા માટે અને પ્રાપ્ત ન થયેલ હોય તો તેને પ્રાપ્ત કરવા માટે અત્યંત ઉપયોગી એવા આચાર–વિચારોને પણ વ્યવહારથી સમ્યક્ત્વ કહેલ છે. સમ્યક્ત્વ વિના જિનેશ્વર દેવોએ કહેલાં દાન, શીલ, તપ વગેરે ધર્મ આરાધનાઓ પણ મોક્ષસુખ આપી શકતી નથી. તેથી મોક્ષસુખ મેળવવા માટે સમ્યક્ત્વની પ્રાપ્તિ અત્યંત આવશ્યક જ છે. એ સમ્યક્ત્વ આપણામાં છે કે નહીં તે સમજવા માટે અને ન હોય તો એ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે સમ્યક્ત્વના સડસઠ પ્રકારો સમજવા અતિશય ઉપયોગી હોવાથી, તેમનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે કર્યું છે :

(૧) ચાર સદ્દહણા, (૨) ત્રણ લિંગ, (૩) દશ પ્રકારનો વિનય, (૪) ત્રણ શુદ્ધિ, (૫) પાંચ દૂષણો, (૬) આઠ પ્રભાવકો, (૭) પાંચ ભૂષણો, (૮) પાંચ લક્ષણો, (૯) છ યતનાઓ, (૧૦) છ આગારો, (૧૧) છ ભાવનાઓ, (૧૨) છ સ્થાનકો. આ પ્રમાણે બાર વિભાગોથી સમ્યક્ત્વના સડસઠ પ્રકારો કહેલા છે.

૧. ચાર સદ્દહણા

પહેલા અધિકારમાં કહેલી ચાર સદ્દહણા એટલે ચાર પ્રકારની શ્રદ્ધા.

પહેલી સદ્દહણા : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આ નવ તત્ત્વો સર્વજ્ઞ અને વીતરાગ થયેલા અનંતજ્ઞાની એવા તીર્થંકર પરમાત્માઓએ કહેલાં છે, તેથી તે સત્ય છે. એવી શ્રદ્ધા ધરતો (જીવ) એ નવ તત્ત્વોનું જ્ઞાન મેળવે અને એ નવ તત્ત્વના અર્થોને વિચારે. એટલે સર્વજ્ઞોએ કહ્યું છે કે આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મોનો કર્તા છે, આત્મા કર્મફળનો ભોક્તા છે, આત્માને મોક્ષ છે અને આત્માને મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયો આ જગતમાં છે જ. આ રીતે જીવ સંબંધી જાણે અને વિચારે. વળી, અજીવ તત્ત્વ પણ આ જગતમાં ભરેલ છે. જગતમાં અજીવ તત્ત્વ છે, તેથી જ જીવ આ સંસારીપણાના જીવનને જીવી રહેલો છે. અજીવ સ્વરૂપ પુદ્ગલાસ્તિકાય આ જગતમાં છે, તેથી આ દૃશ્ય જગત દેખાય છે અને આ જીવ કર્મબંધનોથી બંધાઈ ચોર્યાશી લાખ જીવયોનિઓમાં જન્મ–મરણાદિને પામતો તથા ભોગવતો રખડયા કરે છે. પુણ્ય તત્ત્વ પણ જગતમાં છે. એ પુણ્ય તત્ત્વના પ્રતાપે સાંસારિક સુખસગવડો પ્રાપ્ત થાય છે અને મોક્ષ પ્રાપ્ત કરવા માટેની યોગ્ય સામગ્રી પણ પ્રાપ્ત થાય છે, તેમ જ મોક્ષ પણ મેળવી શકાય છે. પાપ તત્ત્વ પણ જગતમાં છે. એ પાપ તત્ત્વના પ્રતાપે જીવને અનંતકાળ સુધી અસહ્ય દુઃખો નરક તિર્યંચાદિ ચારે ગતિમાં ભોગવવાં પડે છે. આ પાપ તત્ત્વ મોક્ષને પ્રાપ્ત કરવામાં સહાયક નથી. આશ્રવ તત્ત્વ મિથ્યાત્વ, અવિરતિ, કષાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇંદ્રિયો અને મનવચનકાયાના યોગથી આત્મામાં શુભાશુભ આશ્રવનો પ્રવેશ થાય છે અને કર્મબંધ થાય છે. અશુભ કર્મબંધ ઉદયમાં આવી આત્માને અનંત કાળ નરકાદિ ચારે ગતિમાં ભમાવે છે. કાંઈક શુભાશ્રવ થાય, શુભ કર્મબંધ થાય, તે ઉદયમાં આવે તો સુખ-પ્રાપ્તિ અને અંતે મોક્ષ સુખની પ્રાપ્તિનાં સાધનો મેળવવામાં ઉપયોગી થાય છે. આશ્રવને રોકી નવા કર્મબંધ કરવા ન દેનારું સંવર તત્ત્વ છે અને જૂના કર્મબંધનોનો નાશ કરનારું નિર્જરા તત્ત્વ છે. આ સંવર તત્ત્વ અને નિર્જરા તત્ત્વને સંપૂર્ણપણે જીવનમાં વણી લેવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, સર્વ દુઃખોથી આત્મા સદાને માટે છૂટી જાય છે અને શાશ્વત સુખમાં મહાલે છે. આ રીતે આ નવ તત્ત્વના અર્થપરમાર્થ જાણે, વિચારે, માને એ પહેલી સદ્દહણા કહેવાય.

બીજી સદ્દહણા : નવ તત્ત્વના જાણ, વિશુદ્ધ સંયમ માર્ગવાળા સાધુપણાને પાળનાર, મુનિગુણ ગ્રહણ કરવામાં ઝવેરી જેવા, સમતા રસમાં ઝીલનારા અને જિનેશ્વર દેવોએ બતાવેલા વિશુદ્ધ ધર્મનો બોધ આપનારા એવા ગુરુઓને તારક સમજીને તેમની સેવા કરવી તે બીજી સદ્દહણા–શ્રદ્ધા જાણવી.

ત્રીજી સદ્દહણા : જિનેશ્વર દેવોએ કહેલ નવ તત્ત્વોની શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલા, સમ્યક્ત્વનું વમન કરનારા, સત્યને છુપાવનારા, સાધુના આચારથી રહિત, સ્વચ્છંદાચારી, સાધુવેશને લજવનારા એવા નિહ્નવ, યથાછંદ, પાસત્થા, કુશીલિયા અને વેશ વિડંબકાદિને દૂરથી જ તજવા, એમનો સંગ ન કરવો, તે ત્રીજી સદ્દહણા જાણવી.

ચોથી સદ્દહણા : અન્ય ધર્મનો પ્રચાર કરનારા, જૈન ધર્મથી ચલિત કરી દે તેવા અન્ય ધર્મીઓનો સંગ ન કરવો. એવા હીન આત્માઓનો સંગ જેઓ તજતા નથી, તેઓ સમુદ્રનો સંગ કરનારી ગંગા નદીની જેમ પોતાના ગુણો ખોઈ બેસે છે. તેથી અન્ય દર્શનીઓનો સંગ તજવો, એ ચોથી સદ્દહણા જાણવી.

અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે, સમ્યક્ત્વના બાર અધિકારોમાં (વિભાગોમાં) સડસઠ ભેદ કહેવામાં આવ્યા છે. તેમાંના કોઈ પણ એક અધિકારમાં કહેલા પ્રકારોને બરાબર જીવનમાં ઉતારનારને સમ્યક્ત્વ હોય છે, ન હોય તો તે પ્રાપ્ત થાય છે અને હોય તો તે ટકી રહે છે. શાસ્ત્રમાં નવ તત્ત્વોને જે જાણે અથવા જે શ્રદ્ધાપૂર્વક માને તેને સમ્યક્ત્વ હોય છે એમ કહેલું છે.

(૧) જિનપ્રણીત નવ તત્ત્વ શ્રદ્ધાપૂર્વક સ્વીકારે, જાણે, વિચારે, (૨) જિનપ્રણીત વિશુદ્ધ ચારિત્ર પાળનારા અને તેનો ઉપદેશ આપનારા સદ્ગુણી, ગીતાર્થ મુનિવરોની સેવા કરે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) સમ્યક્ત્વથી ભ્રષ્ટ મુનિઓનો ત્યાગ કરે અને (૪) અન્ય ધર્મપ્રચારકોનો સંગ દૂર તજે. એ ચાર સદ્દહણા ધારનારના સમ્યક્ત્વમાં શંકા શી હોઇ શકે ? આ ચાર પ્રકાર જેમાં હોય, તેમાં બાકીના ૬૩ પ્રકારો પણ ગૌણપણે સમાતા જણાય. દરેક અધિકારમાં એ પ્રમાણે સમજવું. બાર અધિકારમાં સડસઠ પ્રકાર જુદી જુદી રુચિ, શક્તિ અને યોગ્યતાવાળા જીવોને ઉદ્દેશીને જણાવ્યા છે, એમ સમજવું.

૨. ત્રણ લિંગ

પહેલું લિંગ : જિનેશ્વર દેવોએ કહેલાં શાસ્ત્રોને શ્રવણ કરવાની અતિશય, અનિવાર્ય અભિલાષા હોય.

જેમ કોઇ સંગીતજ્ઞ અત્યંત ધનવાન, સુખી, યુવાન, સૌંદર્ય લાવણ્યવતી પોતાની નવ-યૌવના પત્ની સાથે હોય અને તેને દેવતાઓનું સંગીત સાંભળવા મળી જાય, તો તે સાંભળવામાં તેને જેટલો આનંદ આવે, તેના કરતાં અનેકગણો આનંદ જૈન શાસ્ત્ર સાંભળવામાં જીવને આવે, એ શ્રુત અભિલાષ નામે પહેલું લિંગ જાણવું.

બીજું લિંગ : જિનેશ્વર દેવોએ કહેલા ધર્મની પ્રાપ્તિનો, ધર્મ આચરવાનો અતિશય આનંદ હોય તે દૃઢ ધર્મરાગરૂપ બીજું લિંગ છે. જેમ કોઈ દુઃખી બ્રાહ્મણ કોઈ ભયંકર અટવીને મહા કષ્ટોથી ઓળંગીને આવતો હોય ત્યારે તેને કોઈ લાગણીથી ભોજન માટે ઘેબર આપે, તો તેને કેટલો આનંદ થાય ? તેથી અતિશય વધારે આનંદ જૈન ધર્મની પ્રાપ્તિથી થાય, તે જૈન ધર્મ પર દૃઢ રાગરૂપ બીજું લિંગ જાણવું.

ત્રીજું લિંગ : વિદ્યાસાધકની પેઠે આળસરહિતપણે જૈનદેવગુરુની અપ્રમત્તતાપૂર્વક સતત સેવા, વૈયાવચ્ચ કરે. એ રીતે જૈન ધર્મની આરાધના કરે. તીર્થંકર બની જગતને જૈન ધર્મ પમાડનારા દેવ તથા જૈન ધર્મને જીવનમાં વણી લઈ જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરી જગતને જિનેશ્વરોનો ધર્મરૂપ સંદેશો પહોંચાડી ઉપકાર કરતા ગુરુઓની અત્યંત રાગપૂર્વક અપ્રમત્તપણે સતત સેવા, વૈયાવચ્ચ કરે, તે દેવગુરુ સેવા વૈયાવચ્ચરૂપ ત્રીજું લિંગ જાણવું.

આ ત્રણ લિંગો જે જીવમાં હોય, તેમાં સમ્યક્ત્વ હોય છે, અથવા તેને તે પ્રાપ્ત થાય છે અને તે સમ્યક્ત્વ રક્ષાય છે.

૩. દશ પ્રકારનો વિનય

(૧) અરિહંત પરમાત્માઓનો વિનય, (૨) સિદ્ધ પરમાત્માઓનો વિનય, (૩) આચાર્ય ભગવંતોનો વિનય, (૪) ઉપાધ્યાય ભગવંતોનો વિનય, (૫) સાધુ ભગવંતોનો વિનય, (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિન પ્રતિમાઓ, જિન મંદિરોનો વિનય, (૭) જૈન સિદ્ધાંતો, જૈન શાસ્ત્રોનો વિનય, (૮) દશ પ્રકારના જૈન સાધુધર્મનો વિનય, (૯) જૈન શાસનના અંગભૂત ચતુર્વિધ શ્રી જૈન સંઘનો, પ્રવચન–તીર્થનો વિનય, (૧૦) સમ્યક્ત્વનો વિનય એટલે સમ્યક્ત્વધારી ભવ્યાત્માઓનો અને સમ્યક્ત્વ ગુણ તથા તેને પમાડનારાં, ખીલવનારાં સાધનોનો વિનય.

આ દશ પ્રકારનો વિનય આ રીતના પાંચ પ્રકારે કરવો : (૧) ભક્તિથી એટલે બહારની સેવા કરવાથી, (૨) બહુમાનથી એટલે હાર્દિક પ્રેમથી, (૩) ગુણસ્તુતિથી એટલે એમના ગુણગાન કરવાથી, (૪) અવગુણ ઢાંકવાથી, (એટલે જે સમયે એમનો અમુક અવગુણ ન ઢાંકીએ તો શાસનને ભારે નુકસાન થાય કે જૈન ધર્મની હેલના થાય તેવા વખતે તેવા અવગુણને ઢાંકવો એમ સમજવું) (૫) આશાતના ન કરવી, અપમાન ન કરવું.

ઉપર જણાવેલા અરિહંતાદિ દશનો ભક્તિ–બહુમાન વગેરે પાંચ પ્રકારે વિનય કરવો. એ દશનો જે વિનય કરે છે, તેને સમ્યક્ત્વ હોય છે અથવા તેને તે પ્રાપ્ત થાય છે અને તેનું સમ્યક્ત્વ નિર્મળ બને છે. ધર્મનું મૂળ વિનય છે. તેથી આ દશનો વિનય કરવામાં સતત ઉદ્યમશીલ રહેવું જોઈએ.

૪. ત્રણ પ્રકારની શુદ્ધિ

(૧) મન શુદ્ધિ, (૨) વચન શુદ્ધિ, (૩) કાયા શુદ્ધિ.

૧. મન શુદ્ધિ : આ જગતમાં કોઈ સાચા તારક હોય તો તે જિનેશ્વર દેવો છે અને જૈન મત છે. એટલે જિનેશ્વર દેવો તથા જૈન શાસન, જૈન શાસ્ત્રો, અરિહંત પરમાત્માનો ઉપદેશ તથા એ ઉપદેશને ઝીલનારા, પાળનારા, ઉપદેશનારા જૈન ગુરુઓ તથા જૈન ધર્મ જ તારક છે. બીજા ડુબાડી દેનારા છે એવો જે મનનો મક્કમ નિર્ણય હોય તેને મન શુદ્ધિ કહેવાય.

૨. વચન શુદ્ધિ : જે કાર્ય જિનેશ્વર દેવોની ભક્તિથી ન થાય તે બીજાથી ન જ થાય. એ રીતે વચનથી બોલાતું હોય, તેને વચન શુદ્ધિ કહેવાય.

૩. કાયા શુદ્ધિ : જિનેશ્વર દેવ સિવાયના દેવને નમાવવા માટે કોઈ છેદતો હોય, ભેદતો હોય, કષ્ટો આપતો હોય અને અસહ્ય વેદનાઓ કરી દેતો હોય તો પણ જે તારક તરીકે જિનેશ્વર દેવ, જૈન તીર્થો કે જૈન ગુરુઓ સિવાય બીજાને નમતો નથી તેની તે કાયા શુદ્ધિ કહેવાય.

૫. સમ્યક્ત્વનાં પાંચ દૂષણો

(૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) મિથ્યામતિઓ–પરપાખંડીઓની પ્રશંસા, (૫) મિથ્યામતિઓ–પરપાખંડીઓનો પરિચય અર્થાત સંગ. આ પાંચ દૂષણો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયક્ત્વને મલિન કરનારાં છે, તેથી એ પાંચે દૂષણો સેવવાં નહિ. જીવનમાં આણવાં નહિ.

(૧) શ્રી તીર્થંકર પરમાત્માઓ રાગદ્વેષ રહિત હોય છે, તેથી તેમને રાજા કે રંક સમાન જણાય છે. તેઓ ક્યારેય પણ ખોટું બોલતા નથી તથા તેઓશ્રી સર્વજ્ઞ હોય છે. એટલે તેઓ સમગ્ર જગતના પદાર્થોને સંપૂર્ણપણે જાણતા હોવાથી એમણે જણાવેલા તત્ત્વજ્ઞાન અને અન્ય બાબતોમાં આપણે શંકા કરવી ન જોઈએ.

(૨) શ્રી જિનેશ્વર દેવો માતાના ઉદરમાં આવે ત્યારથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અને અવધિ જ્ઞાનયુક્ત હોય છે. દીક્ષા લે છે ત્યારે તેમને ચોથું મનઃપર્યાય જ્ઞાન થાય છે. છતાં તેઓ પોતાને અપૂર્ણ માની જીવોને ઉપદેશ આપતા નથી, સર્વજ્ઞ થયા પછી જ ધર્મ કહે છે. એ કારણે એમનો કહેલો ધર્મ પૂર્ણ છે, તારક છે, મોક્ષ આપવાની તાકાત ધરાવે છે. તે સિવાયના ધર્મો અપૂર્ણ અને રાગદ્વેષયુક્ત વ્યક્તિઓએ કહેલ હોવાથી તારક બની શકતા નથી, તેથી જૈન ધર્મ સિવાયના ધર્મની અભિલાષા ન કરવી જોઈએ. તેમ સર્વ ધર્મ સરખા માનવા નહિ. એ રીતે કાંક્ષા દોષને સેવવો નહિ.

(૩) શ્રી જિનેશ્વર દેવોએ સર્વજ્ઞ થઈને ધર્મ અને અધર્મનાં ફળ કહ્યાં છે, તેથી ધર્મના ફળમાં સંશય રાખવો નહિ અને મલમલિન શરીરવાળા સાધુઓ કે સાધ્વીઓને જોઈ, તેમની દુગંછા કરવી નહીં. એ રીતે વિચિકિત્સા દોષ સેવવો નહિ. આ રીતે ત્રીજું દૂષણ નિવારવું.

(૪) મિથ્યામતિઓ–પરપાખંડીઓના ગુણની પ્રશંસા કરવાથી બાળ જીવો મિથ્યામતિઓના મતમાં ખેંચાઇ જાય છે, જૈન ધર્મથી દૂર થઈ જાય છે. એનું ભયંકર પાપ પ્રશંસા કરનારને લાગે છે અને મિથ્યામતિઓના સંસારમાં રખડાવનાર મતની પુષ્ટિ થાય તો બીજા પણ ઘણા જીવો એ મતમાં ફસાતા જાય. તેથી અન્ય જીવોના ભલા માટે પણ મિથ્યા-મતિઓના ગુણની પ્રશંસા ન કરવી જોઈએ. આમ કરીને આ ચોથા દૂષણથી જીવે દૂર રહેવું જોઈએ.

(૫) મિથ્યામતિઓનો–પરપાખંડીઓનો પરિચય ન કરવો. જો તેમનો પરિચય કરતા થવાય તો બાળ જીવો પણ તેમના પરિચયમાં આવવા માંડે અને એમની વચનજાળમાં બંધાઈ જઈ જૈન ધર્મ જેવા તારક ધર્મને ખોઈ બેસે છે. એની પરંપરા ચાલે તેથી મહાન અનર્થ થાય છે. એટલે મિથ્યામતિઓના પરિચયને તજીને પાંચમા દૂષણથી દૂર રહેવું. અધ્યાત્મવાદથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૂર કરાવવા ઇચ્છનારાઓ અને ભૌતિકવાદ તરફ લઈ જનારાઓનો પરિચય પણ તજવો જરૂરી છે. એ તજીને ભવ્ય જીવોએ પાંચમા દૂષણથી બચવું.

આ રીતે આ પાંચ દૂષણો તજનારાઓમાં સમ્યક્ત્વ હોય છે અથવા આવે છે અને હોય તો તે નિર્મળ બને છે.

૬. આઠ પ્રભાવકો

(૧) પાંચ મહાવ્રતધારી, મહાન ચારિત્ર્યવાન, ગુણવાન રહી વર્તમાન શ્રુતજ્ઞાન-જૈન શાસ્ત્રોના પરમ જ્ઞાતા હોય અને બીજાઓને પણ એ શાસ્ત્રોનું જ્ઞાન, બીજા ચિત્તમાં ચમત્કાર પામે એ રીતનું આપી શકે, શાસ્ત્રોના જ્ઞાનથી જૈન શાસનનો પ્રભાવ વધારી શકે તે પ્રાવચનિક નામે પ્રથમ પ્રભાવક જાણવા.

(૨) જૈન શાસ્ત્રોનું જ્ઞાન મેળવીને મહાન ઉપદેશકની શક્તિ જેમણે પ્રાપ્ત કરી હોય તે બીજા ધર્મકથી પ્રભાવક કહેવાય. જેમ મહારાજા શ્રેણિકના પુત્ર નંદિષેણ મુનિ ઉપદેશક શક્તિથી વેશ્યાને ત્યાં આવનારા સ્રીલંપટ માણસોમાંથી પણ દરરોજ દશ દશ માણસોને પ્રતિબોધી પરમાત્મા મહાવીર દેવ પાસે મોકલી દીક્ષા લેવરાવતા હતા. બાર વર્ષ સુધી દરરોજના દશ દશને પ્રતિબોધી અંતે એક દિવસ નવ મનુષ્ય પ્રતિબોધાયા અને દશમો પ્રતિબોધાયો નહિ, એટલે પોતે દશમા બની પ્રભુ મહાવીર પાસે જઈને દીક્ષા લીધી. એ નંદિષેણ મુનિની પેઠે બીજા ધર્મકથી પ્રભાવક જાણવા.

(૩) જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી, તર્ક શાસ્ત્રનો પણ ગહન અભ્યાસ કરી, ગમે તેવા તે વખતના વાદ કરનારને જાહેરમાં પરાજય પમાડીને જિન શાસનનો પ્રભાવ વધારે, તે વાદી નામે ત્રીજા પ્રભાવક કહેવાય. જેમ મલ્લવાદીસૂરિએ રાજ દરબારમાં અન્ય જબ્બર વાદીને પરાજય આપીને જૈન શાસનનો પ્રભાવ વધાર્યો, તેમ જે વાદ કરીને, પરવાદીને પરાજય આપીને જૈન શાસનનો પ્રભાવ વધારે તે ત્રીજા વાદી પ્રભાવક જાણવા.

(૪) જૈન શાસ્ત્રનો અભ્યાસ કરી જેઓ જ્યોતિષ વગેરે શાસ્ત્રો અને અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રનો અભ્યાસ કરી અન્ય ધર્મીઓથી જૈન શાસનનો પ્રભાવ ચડિયાતો સિદ્ધ કરે એવા ભદ્રબાહુ સ્વામીની જેમ જે નિમિત્ત કહે તે ચોથા નૈમિત્તિક પ્રભાવક જાણવા.

(૫) જૈન શાસનમાં રહી વિશિષ્ટ કોટિનું તપ કરે અને તપોબળથી જૈન શાસનનો પ્રભાવ વધારે, તે પાંચમા તપસ્વી પ્રભાવક જાણવા.

(૬) જૈન શાસનનાં શાસ્ત્રોનો અભ્યાસ કરી, શ્રેષ્ઠ ચારિત્ર પાળતા, વિદ્યાઓનો અને અન્ય મંત્રોનો વિશેષ કોટિનો અભ્યાસ કરી, તે વિદ્યામંત્રોથી વજ્રસ્વામી અને આર્યરક્ષિત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિ જેવા આચાર્ય ભગવંતોની જેમ જૈન શાસનનો પ્રભાવ વધારે તે છઠ્ઠા વિદ્યામંત્રબલી પ્રભાવક જાણવા.

(૭) જૈન શાસ્ત્રનો આભ્યાસ કરી, અંજનાદિ યોગોને સિદ્ધ કરી, તેનાથી જૈન શાસનની પ્રભાવના કરે, તે શ્રી કાલિકાચાર્યની જેમ અંજનાદિ યોગસિદ્ધ પ્રભાવક જાણવા.

(૮) જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી, સુવિશિષ્ટ કોટિની કવિત્ત્વ શકિત કેળવી, વિવિધ પ્રકારનાં કાવ્યો રચી જૈન શાસનનો પ્રભાવ વધારે, તે સિદ્ધસેન દિવાકરસૂરિની જેમ જૈન શાસનનો પ્રભાવ વધારનારા એવા મહાકવિ પ્રભાવક જાણવા.

જ્યારે આવા પ્રભાવકો ન થતા હોય ત્યારે મોટા યાત્રાસંઘો કઢાવવા, અને જિન મંદિરો, જિન પ્રતિમાઓ બનાવરાવી અંજન શલાકાઓ કરાવવી, પ્રતિષ્ઠાઓ કરાવવી, ઉજમણાંઓ કરાવવાં, જિનેંદ્રભકિત ઉત્સવો કરાવવા. આમ જિનશાસનનો પ્રભાવ વધારનારાં કાર્યો સતત કરાવતાં રહી જેઓ જૈન શાસનનો પ્રભાવ વધારતા રહે છે, તેઓ પણ પ્રભાવક કહેવાય છે.

આવા શાસન પ્રભાવક આચાર્યાદિ મુનિ ભગવંતો ખરેખર અનેક ધન્યવાદને પાત્ર છે.

૭. સમયક્ત્વનાં પાંચ ભૂષણ

પહેલું ભૂષણ–ધર્મક્રિયાઓમાં કુશળપણું. ત્રણ વખત જિનપૂજા કરવી, દેવ દર્શન, દેવ વંદન કરવાં, સતરભેદી આદિ અનેક પ્રકારની પૂજાઓ ભણાવવી, સામાયિક કરવાં, બે ટંક પ્રતિક્રમણ કરવાં, પર્વ દિવસોમાં પૌષધ કરવા, વિવિધ પ્રકારની આરાધનાઓ કરવી અને કરાવવી. આ અને આવી બીજી પણ જૈન ધર્મની ક્રિયાઓ કરવી, કરાવવી અને એ કરાવવામાં અત્યંત નિપુણતા, કુશળતા પ્રાપ્ત કરવી, તે સમ્યક્ત્વનું પહેલું ભૂષણ છે.

બીજું ભૂષણ – તીર્થ સેવા. જે તારે તે તીર્થ કહેવાય. તેવા તીર્થની યાત્રા કરવી, કરાવવી; તીર્થસ્વરૂપ એવાં સાધુ અને સાધ્વી, પ્રવચન અને ચતુર્વિધ જૈન સંઘ તેની સેવા કરવી, કરાવવી; અને જૈન આગમો વગેરે પર પ્રેમ રાખી તેની સેવા કરવી એ તીર્થ સેવારૂપ બીજું ભૂષણ છે.

(૩) ત્રીજું ભૂષણ – જૈન દેવગુરુની ભક્તિ. આ જગતમાં અરિહંત પરમાત્મા જેવા કોઈ તારક દેવ નથી અને એ જિનેશ્વર દેવોના કહેલા સાધુના માર્ગે ચાલનારા મહાવ્રતધારી જેવા બીજા કોઈ તારક ગુરુઓ નથી, એવી શ્રદ્ધા રાખી, જિનેશ્વર દેવોનાં દેરાસરો બંધાવી, જિન પ્રતિમાઓનું નિર્માણ કરાવી, પ્રતિષ્ઠા કરાવવી, જિન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો; જિનાલય માટે જિન પૂજાભકિત માટે ઉપયોગી એવાં કાર્યો કરવાં, ઉપયોગી એવી વસ્તુઓ જિનાલયમાં આપવી. જિન પૂજા અત્યંત ભકિતપૂર્વક કરવી, બીજાને પૂજા કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહાયક થવું વગેરે દેવભક્તિ કરવી. વળી ગુરુભક્તિ અન્નપાણી, ઔષધ, વસ્ત્ર, પાત્રાદિ આપીને, વંદન કરીને, તથા ગુરુઓના કહ્યા પ્રમાણે ધર્મકાર્યો કરી આપીને, તથા ગુરુઓનાં મોટાં સામૈયાંઓથી ગામોમાં કે નગરોમાં પ્રવેશ કરાવવા, દીક્ષા લેનારાઓને દીક્ષા અપાવવી અને સાધુઓ બને તેમને સહાય કરવી વગેરે કાર્યોથી ગુરુભક્તિ કરવી એ દેવગુરુભક્તિ નામનું સમ્યક્ત્વનું ત્રીજું ભૂષણ છે.

(૪) **ચોથું ભૂષણ** – જૈનધર્મમાં દઢતા. વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા પછી જિનેશ્વરો દ્વારા કહેવાયેલા જૈન ધર્મ જેવો તારક ધર્મ આ જગતમાં બીજો કોઈ નથી. આ જૈન ધર્મ સામાન્ય આત્માઓને પણ પરમાત્મા બનાવી દેવાની શક્તિ ધરાવે છે. એવી તાકાત બીજા કોઈ ધર્મોમાં નથી, એવી સત્ય માન્યતાને ધારણ કરી કોઈ દેવ, અસુરો કે સત્તાધારી શક્તિશાળી મનુષ્યોના જૈન ધર્મથી ચલિત કરવાના બધા પ્રકારના પ્રયત્નોથી પણ જૈન ધર્મમાંથી ચલિત ન થવું તે દઢધર્મતા નામનું સમ્યક્ત્વનું ચોથું ભૂષણ જાણવું.

(૫) **પાંચમું ભૂષણ** – જૈન શાસનની પ્રભાવના. જે જે કાર્યોથી જનતા જૈન શાસનની પ્રશંસા કરતી થાય, તેવાં તેવાં ધાર્મિક કાર્યો કરવાં, મહા મહોત્સવો આરંભવા; તેમાં ભાગ લેનારાઓને ભોજન અને પ્રભાવના વગેરે આપી ખૂબ સત્કાર કરવો; એવાં બીજાં પણ ધર્મકાર્યો કરવાં, તેમાં પણ પ્રભાવનાઓ આપી શાસનનો પ્રભાવ વધારવો, એ પ્રભાવના નામનું પાંચમું સમ્યક્ત્વનું ભૂષણ જાણવું.

સમ્યક્ત્વનાં આ પાંચ ભૂષણોને સમજપૂર્વક જીવનમાં વણી લેનાર આત્મામાં સમ્યક્ત્વ ખૂબ શોભે છે.

૮. પાંચ લક્ષણો

(૧) શમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા, (૫) આસ્તિકતા. એ પાંચ લક્ષણો જેમાં હોય તેમાં સમ્યક્ત્વ હોય છે, એમ આ લક્ષણોથી સમજી શકાય.

(૧) ઉપશમ અથવા શમ લક્ષણના પ્રતાપે જીવને ગમે તેવા અપરાધીનું, મનથી બૂરું કરવાની ભાવના થતી નથી.

(૨) સંવેગ લક્ષણથી જીવને સ્વર્ગનાં અને મનુષ્યલોકનાં ગમે તેવાં મહાન સુખો પણ દુઃખમય લાગે છે. એક મોક્ષસુખ જ તેને ગમે છે. સંસારસુખ તરફ સતત વૈરાગ્ય વધતો રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) નિર્વેદ લક્ષણથી જીવને આ ભવ નરક જેવો કે કેદખાના જેવો અતિ દુઃખદાયી લાગે છે. પોતે જાણે કેદખાનામાં પડ્યો છે અને 'આમાંથી હું ક્યારે છૂટું, ક્યારે છૂટું ? આ દુઃખ મારાથી સહેવાતું નથી. એથી આ સંસારમાંથી નીકળી સર્વ વિરતિધર સાધુ બનું અને મોક્ષ સાધું', એવી ભાવના નિર્વેદ લક્ષણયુકત જીવની હોય છે.

(૪) અનુકંપા લક્ષણ દ્રવ્ય અને ભાવથી હોય છે. દ્રવ્યાનુકંપા લક્ષણથી જીવોને દુઃખથી પીડાતા જોઈને અન્ન, વસ્ત્ર, દવા જેવી દ્રવ્યરૂપ વસ્તુઓ આપીને તાત્કાલિક દુઃખ ટાળવાની ભાવના થાય છે. વળી ભાવાનુકંપા લક્ષણથી જીવને ધર્મ આરાધના ન કરનારા ચક્રવર્તીઓ, રાજામહારાજાઓ, શ્રેષ્ઠીઓ અને બીજા પણ એવા બધા જીવોને 'ધર્મ કર્યા વિના બિચારા આ જીવો અનંતકાળ સુધી અનંત ભવો કરતા, અનંત દુઃખો પામતા અતિશય દુઃખી થઈ જશે, એટલે આવા જીવો ધર્મ પામે એ માટે કંઈક કરી દઉં' એવી ભાવના તેને થાય છે અને ધર્મહીન જીવોને ધર્મ પમાડવાનું કાર્ય તે યથાશકિત કરે છે.

(૫) આસ્તિકતા લક્ષણથી જીવને એમ લાગે છે કે 'વીતરાગ અને સર્વજ્ઞ થયા પછી, સંસારનું, ધર્મનું, મોક્ષનું તથા જગતનું સ્વરૂપ જિનેશ્વર દેવો કહે છે, તેથી એમનાં વચનો સંપૂર્ણપણે સત્ય છે. એ વચનોમાં જરા પણ ખોટાપણું નથી. એ વચનો ક્યારે પણ ખોટાં પુરવાર નહીં થાય.' એવો જિન વચન પરનો દૃઢ વિશ્વાસ હોય એ આસ્તિકતા નામનું પાંચમું લક્ષણ જાણવું.

આ પાંચ લક્ષણો જેમાં હોય તે આત્માને સમ્યક્ત્વ હોય જ છે.

૯. છ યતના (જયણાઓ)

જૈન ધર્મ સિવાયના ધર્મવાળાના ગુરુ તથા દેવો અને બીજા ધર્મવાળાઓએ પોતાના કબજામાં રાખેલી જિનપ્રતિમાઓને પણ (૧) વંદન ન કરવું, એટલે બે હાથ જોડી વંદન ન કરવું. (૨) નમન ન કરવું, એટલે મસ્તક નમાવી નમન ન કરવું. (૩) દાન ન આપવું એટલે તેઓને પાત્ર માની, ગૌરવભક્તિ દેખાડી તેમને જોઈતાં અન્ન, વસ્ત્ર, પાત્રાદિનું દાન ન આપવું. (૪) અનુપ્રદાન ન કરવું, એટલે એમને પાત્ર માની, ગૌરવભકિતથી વારંવાર દાન ન આપવું. કુપાત્રને પાત્રબુદ્ધિથી દાન આપવાથી અનુકંપાદાન જેટલું પણ ફળ મળતું નથી, પરંતુ કુપાત્રને પોષવાનો દોષ લાગે છે. કુપાત્રોને વંદન નમન કરવાથી પણ કુપાત્રોને પોષવાનો દોષ લાગે છે. (૫) આલાપ ન કરવો, એટલે એમની સાથે વણબોલાવ્યા બોલવું નહિ, (૬) સંલાપ ન કરવો એટલે તેમને વારંવાર ન બોલાવવું. તેમની સાથે વંદન, નમન, દાન અને બોલવાનું કરવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુદૃષ્ટિઓને, કુપાત્રોને પોષવાનો દોષ તો લાગે, પરંતુ એમના ઠઠારા અને વચનજાળમાં ફસાઈ જતાં સમ્યક્ત્વ ખોવાનો પણ વખત આવી જાય છે. એકને જોઈ બીજા જીવો પણ એ બાજુ જાય છે અને સમ્યક્ત્વ ખોઈ બેસે છે, તેથી એ છ જયણા પાળવી. કોઈ પ્રસંગે જૈન શાસનના લાભને કારણે કોઈ વખત એ છ જયણામાં અપવાદ સેવવો પડે અર્થાત્ એમાં થોડી ઢીલાશ કરવી પડે, તો જૈન શાસનને થતા લાભને કારણે એટલી ઢીલાશથી દોષ લાગતો નથી.

એ છ જયણાઓ સાચવનાર આત્માને સમ્યક્ત્વ હોય છે અથવા પ્રાપ્ત થાય છે અને તે ટકી રહે છે.

૧૦. છ આગાર

સમ્યક્ત્વ અને બીજાં જે વ્રતપચ્ચખાણ જીવ જે જે રીતે સ્વીકારે છે, તે તે રીતે જ બધાં પાળવાં જોઈએ. વ્રત પાળવામાં એવો દૃઢ રહે કે વ્રત પાળતાં પ્રાણાંત કષ્ટ આવતું હોય, મરણ થવાનો પણ પ્રસંગ આવતો હોય તો તેનો ભય છોડી શુદ્ધ વ્રતને પાળે. પરંતુ, સંકટ આવે, ત્યારે વ્રત પાળવા જે એવા દૃઢ ન રહી શકે, તેમના માટે છ આગારો કહેલા છે. તેમાંથી ન છૂટકે એકાદ આગારનો ઉપયોગ કરાય, તો વ્રતભંગ થતો નથી. તે છ આગાર આ પ્રમાણે છે :

(૧) રાજાભિયોગ આગાર : રાજા, મહારાજાઓ દબાણ કરે, ત્યારે ન છૂટકે પ્રતિજ્ઞા વિરુદ્ધ કરવું પડે, તો વ્રતભંગ થતો નથી.

(૨) ગણાભિયોગ આગાર : ગણ એટલે મનુષ્યોનો સમુદાય દબાણ કરે, ત્યારે ન છૂટકે પ્રતિજ્ઞા વિરુદ્ધ કરવું પડે, તો વ્રતભંગ થતો નથી.

(૩) બલાભિયોગ આગાર : ચોર, ક્રૂર માણસો, લુચ્ચા, લફંગા માણસો કે લશ્કર દબાણ કરે ત્યારે, પ્રતિજ્ઞા વિરુદ્ધ ન છૂટકે કરવું પડે, તેથી વ્રતભંગ થતો નથી.

(૪) દેવાભિયોગ આગાર : ક્ષેત્રપાળ કે અન્ય દેવદેવીઓ દબાણ કરે, ત્યારે ન છૂટકે પ્રતિજ્ઞા વિરુદ્ધ કરવું પડે, તો વ્રતભંગ થતો નથી.

(૫) ગુરુનિગ્રહ આગાર : માતા પિતા વગેરે વડીલો દબાણ કરે, ત્યારે પ્રતિજ્ઞા વિરુદ્ધ કરવું પડે, તો તેથી વ્રતભંગ થતો નથી.

(૬) વૃત્તિદુર્લભ આગાર : આજીવિકાની અત્યંત મુશ્કેલી ઊભી થાય અથવા બીજી પણ જીવલેણ મહાન મુશ્કેલીઓ આવે, ત્યારે હૃદયમાં દુઃખ ધારણ કરતાં પ્રતિજ્ઞા વિરુદ્ધ કરવું પડે તો તેથી વ્રતભંગ થતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે, મુશ્કેલીઓમાં ન છૂટકે આ છ આગારોમાંથી કોઈ એકાદ આગાર સેવવો પડે, તો તેથી વ્રતભંગ થતો નથી, પરંતુ દોષ જરૂર લાગે છે. તેની શુદ્ધિ ગુરુ પાસેથી પ્રાયશ્ચિત લઇને કરી લેવી. વિશુદ્ધ રીતે સમ્યક્ત્વના આચારો પાળવાની પ્રતિજ્ઞા લેનારાઓમાં સમ્યક્ત્વ હોય છે. આ છ આગારો હોંશથી ન સેવનારનું સમ્યક્ત્વ ટકી રહે છે.

૧૧. છ ભાવનાઓ

(૧) સમ્યક્ત્વ એ મોક્ષફળ આપનાર જૈન ધર્મરૂપ વૃક્ષનું મૂળ છે. એ મૂળ ન હોય તો ધર્મવૃક્ષ બની શકતું નથી.

(૨) સમ્યક્ત્વ એ મોક્ષમાં પહોંચાડનાર ધર્મરૂપ નગરમાં પ્રવેશ કરવાનો દરવાજો છે. એ દરવાજો ન હોય તો ધર્મનગરમાં પ્રવેશ કરી શકાતો નથી.

(૩) સમ્યક્ત્વ એ ધર્મરૂપ મહેલનો પાયો છે. એ પાયો ન હોય તો ધર્મમહેલ બની શકે નહિ અને જો બને તો ટકી શકે નહિ.

(૪) સમ્યક્ત્વ એ ધર્મરત્નો, મૂળગુણો અને ઉત્તરગુણોરૂપ રત્નો, તેને સુરક્ષિત રાખવા માટેનો ભંડાર છે, જો એ ભંડાર ન હોય તો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, કામ વગેરે ચોરો એ ધર્મરત્નોને લૂંટી જાય. તેથી ધર્મરત્નોની રક્ષા માટે સમ્યક્ત્વરૂપ ખજાનાની – ભંડારની જરૂર છે.

(૫) સમ્યક્ત્વ એ શમ, દમ આદિ મોક્ષસાધક ગુણોનો આધાર છે. એ આધાર વિના મોક્ષસાધક ગુણો ટકે નહિ. તેથી એ સમ્યક્ત્વરૂપ આધારની જરૂર છે.

(૬) સમ્યક્ત્વ એ મોક્ષદાતા શ્રુતજ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રસને અહીંતહીં ઢળવા ન દેનાર દૃઢ પાત્ર છે. એ પાત્ર ન હોય તો શ્રુતજ્ઞાન, સંવર, નિર્જરા વગેરે રૂપ અમૃત જેવા રસો રહી શકતા નથી. તેથી સમ્યક્ત્વરૂપ પાત્રની અતિશય જરૂર છે.

આ રીતે વારંવાર આદરપૂર્વક સમ્યક્ત્વ માટેની આ છ ભાવનાઓ ભાવવામાં આવે, તો સમ્યક્ત્વનું મહત્ત્વ આત્મામાં દૃઢ થતું રહે છે અને સમ્યક્ત્વ અત્યંત સ્થિર બને છે અને આત્મિક આનંદની લહેરો ઉછળે છે.

૧૨. છ સ્થાન

(૧) આત્મા છે: જીવો હાલવાની, ચાલવાની, ખાવાની, પીવાની, હસવાની, રડવાની, ક્રોધની, માનની, માયાની, લોભની, રાગની, દ્વેષની ક્રિયાઓ કરતા દેખાય છે. જો શરીરથી અલગ એવો આત્મા અંદર ન હોય, તો આ બધી ક્રિયાઓ કરી શકાય નહિ; કારણ કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે અંદરનો આત્મા શરીરમાંથી નીકળી જાય છે (મૃત્યુ થાય છે), ત્યાર પછી એ શરીર આવી કોઈ ક્રિયા કરી શકતું નથી; તેથી નિશ્ચયથી શરીરમાં રહેનાર આત્મા જેવો પદાર્થ શરીરથી ભિન્ન છે જ. દૂધ અને પાણીની જેમ શરીરની સાથે એકમેક જેવો થઈને રહેલો આત્મા ઉપરથી, શરીરથી અલગ દેખાતો નથી. પરંતુ દૂધ અને પાણી મળેલાં હોય તેમાં હંસ જો ચાંચ નાખે તો દૂધ અને પાણી અલગ દેખાઈ આવે છે. તેમ આત્મા અને શરીર પુદ્ગલની અનેક જ્ઞાનની અને જડતાની બાબતો વિચારવારૂપ ચાંચ નાખવાથી આત્મા શરીરથી ભિન્ન છે, એવી સમજ આવે છે. આજે બનેલી વાતને બે ચાર માસ કે બે ચાર વર્ષ કે તેથી વધારે વખત પછી પણ સ્મરણમાં રાખનાર આ શરીર નથી, પણ શરીરમાં રહેલો આત્મા છે. ઊંઘમાં સ્વપ્ન આવે, એ સ્વપ્નનો પ્રસંગ મહિનાઓ કે વર્ષો સુધી યાદ રહે. એ યાદ રાખનારો કોણ છે? આત્મા જ છે. તેથી શરીરથી અલગ, શરીરમાં રહેલો એવો આત્મા છે જ.

(૨) આત્મા નિત્ય છે : આત્માનો કયારે પણ નાશ થતો નથી. આ આત્મા કર્મથી દેવના, મનુષ્યના, તિર્યંચોના અને નારકીનાં શરીરોને ધારણ કરે છે. આયુષ્ય પૂર્ણ થતાં, એ શરીરમાંથી એ જીવને જવું પડે છે. તેને લોકો 'મૃત્યુ' કહે છે. વાસ્તવિક રીતે આત્માનું મૃત્યુ થતું નથી. શરીરથી આત્મા છૂટો થાય છે અને બીજા શરીરને ધારણ કરે છે. આત્મા એ જ હોય છે. તે ભિન્ન ભિન્ન શરીર ધારણ કરે છે, એટલે એક સ્વરૂપે નાશ પામે છે અને બીજા સ્વરૂપે ઉત્પન્ન થાય છે. આત્મા પર્યાયથી ભિન્ન ભિન્ન દેહ ધારણ કરતો, બદલાતો કે નાશ પામતો દેખાય છે. દ્રવ્યથી મૂળ સ્વરૂપે આત્મા અચળ, અખંડ, અક્ષય, શાશ્વત, નિત્ય છે.

(૩) આત્મા કર્મનો કર્તા છે : કર્મયુક્ત આત્મા કર્મથી પ્રાપ્ત થયેલાં મન, વચન અને કાયાના યોગથી, સતત, રાતદિવસ અનેક જાતની પ્રવૃત્તિઓ કરી રહેલો છે. તે શરીરના સંબંધથી ખાય છે, પીએ છે, બેસે છે, સૂએ છે, ફરે છે, રમે છે, વિષયો સેવે છે, ધન સંપત્તિ મેળવવા સતત પ્રવૃત્તિ કરે છે; ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, રોગ, શોક, રતિ, અરતિથી અનેક જાતની પ્રવૃત્તિઓ કરે છે, તેથી આત્મામાં શુભાશુભ કર્માશ્રવ થાય છે. તેનાં શુભાશુભ ફળ આત્માને ભોગવવાં પડે છે. એ કર્મોનો કર્તા આત્મા પોતે જ છે. તેથી આત્માને કર્મનો કર્તા કહેલો છે. નિશ્ચયથી આત્મા પોતાના ગુણનો કર્તા છે.

(૪) આત્મા કર્મનો ભોકતા છે : આત્માએ પોતે કરેલાં કર્મોના ફળસ્વરૂપે મળતી નરક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિ અને દેવ ગતિને અનેક વાર ભોગવેલી છે અને ચારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતિમાં અનેક પ્રકારનાં સુખદુઃખો પોતે કરેલાં કર્મોના ફળસ્વરૂપે ભોગવે છે. આત્મા પોતે કરેલાં કર્મોને પ્રતાપે રાજા બને છે, રંક પણ બને છે. શ્રેષ્ઠી બને છે, ગરીબ પણ બને છે. રોગી બને છે, નીરોગી પણ બને છે. સ્વરૂપવાન બને છે, કદરૂપો પણ બને છે. શોકયુકત બને છે, હર્ષયુકત પણ બને છે. નિર્બળ બને છે, બળવાન પણ બને છે. દુઃખ આપનાર કુટુંબીઓ, સંબંધીઓવાળો બને છે, સુખ આપનાર કુટુંબીઓ, સંબંધીઓવાળો પણ બને છે. આ અને આવા બીજા ઘણા પ્રકારે આત્મા સુખદુઃખનો ભોગવનાર બને છે. એથી સમજવું કે આત્મા સ્વકૃત કર્મનો ભોકતા છે. નિશ્ચયથી આત્મા સ્વગુણોનો ભોકતા છે.

(૫) આત્માને મોક્ષ છે : આત્મા પોતે કરેલાં સર્વ કર્મોથી મુક્ત બને તેને મોક્ષ કહેલો છે. એ મોક્ષ અચળ અને અનંત સુખનું સ્થાન છે. મોક્ષમાં મન, વચન અને શરીર હોતાં નથી. તેથી શારીરિક, વાચિક અને માનસિક દુઃખોનો મોક્ષમાં અભાવ હોય છે. ફરીથી ત્યાં કર્મ બંધાતાં નથી અને મન, વચન કાયા ત્યાં ક્યારે પણ હોતાં નથી. તેથી ત્યાં સદા સર્વ દુઃખોથી રહિત, સત્ય, અક્ષય, અનંત સુખ છે. આત્મા સર્વ કર્મોથી મુક્ત થાય કે તે જ સમયે આત્મ સ્વભાવ પ્રમાણે ઉર્ધ્વ ગમન કરી ઊંચે ચૌદ રાજલોકને અંતે એટલે લોકાંતે પહોંચે છે. એ મોક્ષ સ્થાન છે. ત્યાં સાદિ અનંત કાળ સુધી આત્મા અનંત સુખને ભોગવતો રહે છે. એટલે જ સંપૂર્ણપણે પોતાના જ્ઞાનથી જાણતા સર્વજ્ઞ ભગવંતો કહે છે કે આત્માને મોક્ષ છે.

(૬) આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે ઉપાયો પણ છે : સર્વ દુઃખોથી મુક્ત થવા માટે કોઈ ઉપાયો જ નથી, એવું કોઈએ અજ્ઞાનતાથી બોલવું નહિ. સર્વજ્ઞ ભગવંતોએ સર્વ દુઃખોથી મુક્ત થવા માટે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ રત્નત્રયી સ્વરૂપ મોક્ષ પ્રાપ્ત કરવા, સર્વ દુઃખથી સદાને માટે મુક્ત થવા ઉપાયો બતાવ્યા છે, એ સર્વ શ્રેષ્ઠ કોટિના મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયો છે. એ ઉપાયોનો ઉપયોગ કરી અનંત આત્માઓ મોક્ષ પામ્યા છે, હમણાં એ જ ઉપાયોથી મોક્ષ પામી રહ્યા છે અને ભવિષ્યમાં એ જ ઉપાયોથી અનંતાનંત આત્માઓ મોક્ષ પામશે. એકલું જ્ઞાન કે એકલું ચારિત્ર એટલે કે ક્રિયાઓ મોક્ષ આપી શકે નહિ બન્ને સાથે હોય તો મોક્ષ આપી શકે છે.

જો જ્ઞાન ન હોય અને ફક્ત સંયમ ક્રિયા કરાય, તો જે વસ્તુ મેળવવા ક્રિયા કરાય, તે વસ્તુ મેળવી શકાતી નથી. રૂપાનું જ્ઞાન ન હોય અને રૂપું લેવા જાય, તે છીપને પણ રૂપું સમજી લઈ આવે. જ્ઞાન હોય અને ક્રિયા ન કરે તો એ જ્ઞાન પણ ફળ આપી શકતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. પાણીમાં તરવાનું જ્ઞાન હોય, પણ પાણીમાં પડી તરનારો હાથપગ હલાવે નહિ, એટલે તરવાની ક્રિયા કરે નહિં, તો તે ડૂબી જાય છે. તેથી જ્ઞાન અને ક્રિયા બન્ને સાથે હોય તો મોક્ષ મેળવી શકાય છે. એકથી મોક્ષ મેળવી શકાય નહિ.

જંગલમાં ભયંકર આગ લાગી. ત્યાં એક હૃષ્ટપુષ્ટ શરીરવાળો આંધળો અને બીજો સારી દૃષ્ટિવાળો પાંગળો એમ બે જણા હતા. તે બન્ને અલગ અલગ રહે, તો આગમાં બળીને ભસ્મીભૂત થઈ જાય એમ હતું. ત્યારે દેખતાએ આંધળાને કહ્યું, "ભાઈ, આપણે બે સાથે મળીને કાંઈ કરીએ તો બચીશું, નહીંતર બળી જઈશું. તેથી તું દેખતો નથી પણ તારી કાયા મજબૂત છે. હું પગે પાંગળો છું. છતાં મારી નજર બરાબર છે. તું મને તારા ખભા પર બેસાડ અને હું કહું તે રસ્તે ચાલ. તો આપણે બન્ને સુખેથી નજીકના શહેરમાં પહોંચી જઈએ." આંધળાએ આ વાત સ્વીકારી. પાંગળાને પોતાના સ્કંધ પર બેસાડયો અને પાંગળાએ બતાવેલા રસ્તે આંધળો ચાલવા માંડયો, તેથી બન્ને શહેરમાં પહોંચી ગયા અને બચી ગયા. એ વાતને જાણીને મોક્ષ પ્રાપ્ત કરવા સમ્યગ્ જ્ઞાન સહિત સમ્યગ્ સંયમક્રિયા કરવી એ મોક્ષનો ઉપાય છે. તેનો ઉપયોગ કરવાથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. એથી મોક્ષ મેળવવા માટેના સમ્યગ્ ઉપાયો પણ જગતમાં વિદ્યમાન છે, એમ સમજવું.

આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મોનો કર્તા છે, આત્મા કર્મોનો ભોક્તા છે, આત્માને મોક્ષ છે અને આત્મા મોક્ષ પ્રાપ્ત કરી શકે તે માટે ઉપાયો પણ છે. સમ્યક્ત્વને સ્થિર રહેવાનાં આ છ સ્થાનકો કહેલાં છે. એ છ સ્થાનકો ઉપર ઘણું લખી શકાય એટલું છે, પણ અત્રે તે વિસ્તારભયથી લખેલ નથી.

આ છ સ્થાનકોનો સ્વીકાર જે દર્શનોમાં નથી તે દર્શનો અપૂર્ણ છે, અવ્યવસ્થિત માન્યતાવાળાં છે એમ પુરવાર થાય છે. આ છની માન્યતાથી અમુક રીતે અન્ય દર્શનોનું ખંડન એમાં આવી જાય છે.

સમ્યક્ત્વના આ રીતના સડસઠ પ્રકારો સમજી જે જીવનમાં ઉતારે છે, તેનાં રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભ પાતળાં પડે છે, અને તે આત્માનો ઘણો સંસાર કપાઈ જાય છે. તે આત્મા થોડા સમયમાં, થોડા ભવોમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તેથી ભવ્ય આત્માઓએ સમ્યક્ત્વના આ સડસઠ પ્રકારોનું જ્ઞાન મેળવી જીવનમાં ઉતારવાની ખાસ જરૂર છે.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org